# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 23-11-2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## મુખ્યમંત્રી-કચ્છ મુલાકાત:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કચ્છ જિલ્લામાં એક જ દિવસમાં આશરે ₹ ૬૮૦ કરોડથી વધુના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું.. મુખ્યમંત્રીશ્રીએ ભુજ ખાતેથી કચ્છના રૂ. ૫૦3 કરોડથી વધુના ૫૫ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત કર્યું, તેમજ ગાંધીધામ મહાનગરપાલિકા હેઠળના રૂ. ૧૭૬ કરોડના વિકાસ કામોનું ખાતમુહૂર્ત કર્યું.

સાંભળીએ એક વિશેષ અહેવાલ

(વોઈસ કાસ્ટ)

*(કચ્છની એક દિવસની આજે મુલાકાતે આવેલા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું.*

*ભુજમાં લાલન કોલેજ ગ્રાઉન્ડ ખાતે આયોજિત કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ રૂ. 498 કરોડના ખર્ચે 52 કામનું ખાતમૂહુર્ત અને રૂ. 4.79 કરોડના ખર્ચે નવનિર્મિત 3 કામોનું લોકાર્પણ કર્યું હતું.*

*આ પ્રસંગે મુખ્યમંત્રીએ કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિઝન અને કચ્છીમાડુઓના ખમીર તથા પુરુષાર્થને કારણે કચ્છ વિનાશક ભૂકંપ બાદ સૌથી વધુ ઝડપથી વિકાસ સાધતો જિલ્લો બન્યો છે. તેમણે કહ્યું કે ગાંધીધામને મહાનગરપાલિકાનો દરજ્જો મળવાથી વિકાસની ગતિને વધુ વેગ મળશે અને આજે લોકાર્પણ અને ખાતમૂહુર્ત થયેલા ₹ ૫૦3 કરોડથી વધુના કાર્યોથી ભુજ, અંજાર, અબડાસા, માંડવી અને રાપરના વિસ્તારોને નવી દિશા મળશે.*

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સની વાત કરતા તેમણે કહ્યું કે, રાજ્યમાં ચાર રિજનલ કોન્ફરન્સિસનું આયોજન કરાયું છે. આગામી જાન્યુઆરીમાં સૌરાષ્ટ્ર-કચ્છ પ્રદેશની રિજનલ કોન્ફરન્સ રાજકોટમાં યોજાશે અને તેના કારણે કચ્છને ઔદ્યોગિક રોકાણને નવું બળ મળશે

મુખ્યમંત્રી દ્વારા ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરાયેલા કામોની યાદી જોઇએ તો રૂ. ૩૯૩.૩૯ કરોડના ૨૩ કામોનું ખાતમૂહુર્ત, વન વિભાગના ૨.૬૦ કરોડના છારી ઢંઢ અને પડાલા મેન્ગ્રુવ લર્નિંગ સેન્ટરના વિકાસકામનું લોકાર્પણ, સિંચાઈ વિભાગ દ્વારા રૂ. ૬ કરોડથી વધુના ખર્ચે તળાવ સુધારણાના કામોનું ખાતમૂહુર્ત, શિક્ષણ વિભાગ દ્વારા ગુનેરી ખાતે રૂ. ૩.૧૯ કરોડના ખર્ચે નવીન માધ્યમિક શાળાનું લોકાર્પણ, જીએસઆરડીસી દ્વારા રૂ. ૪૨.૫૦ કરોડના ખર્ચે ભુજ-મુન્દ્રા રોડ અને રૂ.૧૯.૭૨ કરોડના ખર્ચે ભુજ-નખત્રાણા રોડના મજબૂતીકરણ અને રિસર્ફેસિંગના કામનું ખાતમૂહુર્ત અને માર્ગ અને મકાન પંચાયત વિભાગના રૂ. ૨૬.૫૨ કરોડના ખર્ચે વિવિધ રોડના રિસર્ફેસિંગ કામોનો સમાવેશ થાય છે.

દરમ્યાન, ગાંધીધામમાં રૂ.176 કરોડના 66 વિકાસકામોનું મુખ્યમંત્રી દ્વારા આજે ખાતુમુહૂર્ત કરાયું હતું. આ સાથે જ ઓસ્લો સર્કલ ખાતે ડો .બાબાસાહેબ આંબેડકરની પુનઃ સ્થાપિત પ્રતિમાનું અનાવરણ તથા નવનિર્મિત ફ્લાય ઓવરનું "ડો.બાબાસાહેબ આંબેડકર બ્રિજ" નામકરણ તેમજ સર્કલ ડેવલપમેન્ટ તેમજ પાર્કિંગ ફેસીલીટીના વિકાસ કામનું લોકાપર્ણ કર્યું હતું.

મોડેલ ફાયર સ્ટેશન, સ્માર્ટ લાઇબ્રેરી, આઇકોનિક પ્રવેશદ્વાર, બગીચા, રોડ – રસ્તા, ગટર, પાણી, સ્ટ્રોમ વોટર, સહિતના ગાંધીધામ મહાનગરપાલિકાના વીવિધ વિકાસ કામોનો સમાવેશ થાય છે.)

પરેશ મારૂ, આકાશવાણી સમાચાર, ભુજ

---

## રાપર-એકતા યાત્રા:

સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિ નિમિત્તે રાજ્યભરમાં ઉજવણી થઈ રહી છે. આ અંતર્ગત આજે રાપર વિધાનસભા વિસ્તારમાં એકતા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. કલ્યાણપર ખાતેથી આ પદયાત્રાને ધારાસભ્ય વીરેન્દ્રસિંહ જાડેજાની અધ્યક્ષતામાં યોજાઈ

હતી. આ માર્ચને જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા, કાર્યક્રમના ઇન્ચાર્જ અમૃતભાઈ દવે સહિતના અગ્રણીઓએ પ્રસ્થાન કરાવ્યું હતું.આ એકતા પદયાત્રા કલ્યાણપરથી શરૂ થઈને લાલાસરી, હેલીપેડ વિસ્તાર, પ્રાગપર ચોકડી અને સલારીનાકા દેના બેંક ચોક ખાતેથી પસાર થઈ હતી, જ્યાં તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. પદયાત્રાનું સમાપન સ્વામિનારાયણ મંદિર ખાતે થયું હતું.

---------------------------------------------------------------------------------------------------

## નખત્રાણા-મહિલા સરપંચ ટ્રેકિંગ કેમ્પ:

નખત્રાણા તાલુકાના ભિખુઋષિ પર્વત પર યોજાયેલા ટ્રેકિંગ કેમ્પમાં દેવપરની મહિલા તથા જિલ્લાના વિવિધ ગામોની મહિલા સરપંચોએ ભાગ લીધો હતો. ટ્રેકિંગ કેમ્પમાં ગામના સર્વાંગી વિકાસમાં મહિલાઓની સક્રિય ભાગીદારી અંગે ચર્ચા યોજાઈ હતી. ચર્ચામાં આરોગ્ય, શિક્ષણ, રોજગાર, પર્યાવરણ સંરક્ષણ, મહિલા નેતૃત્વ સહિતના મુદ્દાઓ પર તથા ગામના વિકાસમાં મહિલાઓની ભૂમિકા પર વિચારો તથા અનુભવોની આપ-લે કરાઈ હતી. વિવિધ ગામોની મહિલા સરપંચોએ ગામમાં મહિલાલક્ષી કાર્યોની રજૂઆત કરી હતી.

---------------------------------------------------------------------------------------------------

## કચ્છ-SIR કામગીરી:

કચ્છમાં હાલમાં ચાલી રહેલી મતદારયાદી ખાસ સઘન સુધારણાની મગીરીને વધુ અસરકારક બનાવવા જિલ્લા ભાજપના અધ્યક્ષ દેવજીભાઇ વરચંદના માર્ગદર્શન હેઠળ જિલ્લાના તમામ બૂથો ઉપર અગ્રણી આગેવાનો સાથે પાયાના કાર્યકર્તાઓ જોડાશે અને જિલ્લાની તમામ વિધાનસભા મત વિસ્તારોમાં નાગરિકોના મતદાર ગણતરીપત્ર એકઠા કરશે. કાર્યકર્તાઓ મતદાર પાસે ઘરે ઘરે જઇ ફોર્મ જમા કરશે.

---------------------------------------------------------------------------------------------------